# ''ગઠબંધન સરકારો અને ભારતીય સંસદીય પદ્ધતિનું સંચાલન''

ર્ડા.એમ.એમ.જગાણી
મદદનીશ પ્રાધ્યાપક
રાજયશાસ્ત્ર વિભાગ,
એમ.એન.કોલેજ,વિસનગર,
જિ.મહેસાણા

સરકારની ત્રણેય શાખાઓમાં ધારાસભા સૌથી અગત્યનું સ્થાન ધરાવે છે, કેમ કે જયાં સુધી કાયદાઓ ઘડાય નહિ ત્યાં સુધી કાયદાઓ ઘડાય નહિ ત્યાં સુધી તેમના અમલનો કે અર્થઘટનનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી અને તેથી જ પ્રા.ગિલક્રિસ્ટ આ વિશે લખે છે''સરકારનું અગત્યનું ખરેખર તો મૂળભૂત કાર્ય ધારાકીય છે, જેના સિવાય કારોબારી અને ન્યાયતંત્ર ટકી શકે નહી'' સંસદીય સરકારમાં ઘારાસભા ખૂબ અગત્યનું સ્થાન ઘરાવે છે. દા.ત.બ્રિટનમાં ઘારાસભા સર્વોપરી સત્તા ઘરાવે છે. જયારે ભારતમાં બંઘારણની સર્વોપરિતાનો સ્વીકાર કર્યો હોવાથી આપણી સંસદ–સર્વોપરી સત્તા ઘરાવતી નથી.

ભારતીય લોકશાહીમાં સંસદનું સ્થાન કેન્દ્રવર્તી છે. તેમાં પ્રજામતનું પ્રતિબિંબ પડે છે. ભારતના બંઘારણમાં કલમ ૭૯ થી કલમ ૧૨૩ અનુસાર સંસદ અંગેની જોગવાઈઓ કરવામાં આવી છે. ભારતીય સંઘની ઘારાસભાને સંસદ તરીકે ઓળખવામાં આવે છે. ભારતીય સંસદ દ્વિગૃહિ છે અને ભારતીય બંઘારણની કલમ ૭૯ મુજબ રાષ્ટ્રપતિ ભારતીય સંસદનું અભિન્ન અંગ છે. ભારતીય સંસદ (અ) રાષ્ટ્રપતિ (બ) રાજય સભા અને (ક) લોકસભાની બનેલી છે. તારીખ ૧૪ મે, ૧૯૫૪ના રોજ કાઉન્સિલ ઓફ સ્ટેટના સભપતિએ કરેલ ઘોષણાથી ભારતીય સંસદના બંને ગૃહો અનુક્રમે 'લોકસભા' અને 'રાજયસભા'ના નામોથી ઓળખાય છે.

રાજયસભા ભારતીય સંસદનું ઉપલુગૃહ કે  બીજુગૃહ કહેવાય છે. ભારતીય બંઘારણની કલમ ૮૦ મુજબ તેની રચના થાય છે. તેની કુલ સભ્ય સંખ્યા ૨૫૦ નિર્ઘારીત થયેલી છે. જેમાં ૨૩૮ સભ્યો પરોક્ષ રીતે એટલે કે રાજયોની વિઘાનસભાઓના સભ્યો દ્વારા ચૂંટાય છે જયારે ૧૨ સભ્યોની રાષ્ટ્રપતિ દ્વારા વડાપ્રઘાનની સલાહ અનુસાર નિમણૂક કરવામાં આવે છે.

ભારતીય બંઘારણની કલમ ૮૧ મુજબ ભારતીય લોકસભાની મહત્તમ સભ્ય સંખ્યા ૫૪૫ નિર્ઘારિત થયેલી છે. જેમાં ૫૨૫ સભ્યો એકમ રાજયોમાંથી પુખ્તવય મતાધિકારને ઘોરણે પ્રત્યક્ષ ચૂંટણીદ્વારા ચૂંટાય છે અને બાકીના ૧૮ સભ્યો કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી પ્રત્યક્ષ રીતે ચૂંટાય છે અને ૨ સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ  દ્વારા એંગ્લો ઈન્ડિયનો માંથી વડાપ્રઘાનની સલાહ મૂજબ કરવામાં આવે છે. બ્રિટનમાં રાજાશાહી હોવાથી રાજયના સર્વોચ્ચ વડા તાજ ઘારણ કરનાર રાજા અથવા રાણી છે. જયારે ભારતમાં ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ભારતીય રાજયના બંઘારણીય વડા છે. જેમ બ્રિટનની સરકાર અંકુશિત રાજાશાહી કે બંઘારણીય રાજાશાહી તરીકે ઓળખાય છે અને પાર્લામેન્ટ સર્વોચ્ચ સત્તા સ્થાને હોવાથી બ્રિટનની સરકારને સંસદીય સરકાર તરીકે ઓળખવામાં આવે છે, તેમ ભારતમાં સંસદની નહી

પરંતુ બંધારણની સર્વોપરિતા છે, છતાં ભારતીય કારોબારીનો જન્મ બ્રિટનની સરકારની જેમ ભારતીય સંસદમાંથી જ થતો હોવાથી ભારતીય સરકારને પણ સંસદીય લોકશાહી સરકાર કહેવામાં આવે છે.[૧]

ભારતીય લોકતંત્રનો જન્મ થયો કે તરત જ ભારતની શરૂઆતની સરકારોનો અભ્યાસ કરવામાં આવે તો ઈ.સ.૧૯૫૨ની પ્રથમ ચૂંટણીથી ઈ.સ.૧૯૬૭ ની ચોથી ચૂંટણીઓ સુધી એકમ રાજયોમાં અને ૧૯૭૭ સુધી કેન્દ્રમાં એક જ પક્ષ કૉંગ્રેસનો પ્રભાવ રહેલો જોવા મળે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ભારતીય રાજકારણના ફલક ઉપર મિશ્ર કે સંયુકત સરકારો હાવી થવા લાગી છે, જે દર્શાવે છે કે હવે ભારતના રાજકારણમાં એક પક્ષીય પ્રભુત્વ ધરાવતી પ્રણાલીનું ધીરે ધીરે ધોવાણ થઈ રહ્યુ છે.ઈ.સ.૧૯૭૫માં જુન માસમાં ભારતીય લોકતંત્રમાં જે કટોકટીનો અમલ કરવામાં આવ્યો તે ભારતીય લોકતંત્રના ઈતિહાસનું કાળુ પ્રકરણ લેખાય છે અને ભારતીય મતદારોએ આના ઉત્તર સ્વરૂપે ઈ.સ.૧૯૭૭ની ચૂંટણીમાં પહેલી વાર ગઠબંધનની રાજનીતિને કેન્દ્ર સરકારમાં સમર્થન પુરુ પાડયું. જનતાપક્ષની સરકાર એ પહેલીવાર આઝાદીના ઈતિહાસની બિન કૉંગ્રેસી સરકાર બની, ત્યારબાદના થોડા સમયને બાદ કરીએ તો શરૂ થયેલા ગઠબંધનો અને બનેલી સરકારોએ મિશ્ર સરકારોના યુગની શરૂઆત કરી હોય તેવું લાગી રહ્યુ છે.

હવે પછી આવનારો યુગ ભારતીય રાજકારણમાં આવો સંયુકત કે મિશ્ર સરકારોનો યુગ હશે તેવું લાગી રહ્યુ છે. માટે આપણે આજના સંદર્ભમાં આવા પ્રકારની સરકારોની વિશેષતાઓ વિશે તેમજ તેમનો રાજકીય વ્યવસ્થાઓ ઉપર શું પ્રભાવ પડશે તે જાણવું અનીવાર્ય બની ગયું છે.[૨]

ભારતીય કેન્દ્ર અને રાજયો બંને સ્તર પર ધારાસભાના લોકપ્રિય ગૃહ(લોકસભા તથા વિધાનસભા)ની ચૂંટણી થાય છે. આ ચૂંટણીઓમાં કોઈ પણ એક રાજકીય પક્ષને સ્પષ્ટ બહુમતી મળે છે. જે પોતાનો એક નેતા પસંદ કરે છે. ત્યારબાદ મંત્રીમંડળની રચના થતા જ એક પક્ષની સરકાર રચાય છે. પરંતુ પ્રશ્ન ત્યારે ઉદ્ભવે છે કે જયારે લોકસભામાં કે રાજયોની વિધાનસભાઓમાં કોઈ એક રાજકીય પક્ષને સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત ન થાય આવી પરિસ્થિતિમા ત્રિશંકુ વિધાનસભા અસ્તિત્વમાં આવે છે. આવા સંજોગોમાં રાજકીય દળો અને જે તે દળના નેતાઓ વચ્ચે ગઠબંધન કે જોડાણને જન્મ આપવાની પ્રક્રિયાનો આરંભ થાય છે, જે ગઠબંધન રાજયના વડાને બહુમતીની ખાતરી આપે છે એ ગઠબંધન કે મોરચાના નેતાને સરકાર બનાવવા માટે તેઓ આમંત્રણ આપે છે અને તે સંયુકત કે મોરચા સરકારનું નિર્માણ કરે છે. આમ,નોંધનીય છે કે સંયુકત મોરચા અથવા મિશ્ર સરકાર એ એવી સરકાર હોય છે કે જેમાંઓછામાં ઓછી બે રાજકીય પક્ષોની ભાગીદારી હોય છે. સંયુકત કે મિશ્ર સરકારમાં મતભેદો હોવા છતાં એક સર્વસામાન્ય સ્વર હોય છે, ગઠબંધન સરકારો ઉપર ઉપરથી જોતાં ભલે ગમે તેટલી મજબૂત લાગે, પરંતુ તેની અંદર મતભેદોના સ્વર હાજર જ હોય છે. ભાગીદાર દળોની વચ્ચે રહેલા આ રાજકીય મતભેદો જ રાજકીય પક્ષોને પોતાનું અલગ અલગ અસ્તિત્વ જાળવી રાખવાની પ્રેરણા આપે છે. દા.ત.કેન્દ્રમાંની પ્રથમ મિશ્ર સરકારનું નેતૃત્વ ભલે મોરારજી દેસાઈ જેવા અનુભવી અને ગાંધીવાદી નેતા પાસે હોય છતાં ટૂંક સમયમાં જ તેના મતભેદો બહાર આવી ગયા. આવું જ ૧૯૯૦નુંવી.પી.સિંઘની સરકારનું પણ થયેલું જોવા મળે છે. આમ છતાં સમયના વહેણની સાથો સાથ મતભેદોનું નિવારણ કરીને પણ કેટલાક એકમ રાજયોમાં ગઠબંધનો લાંબા ચાલ્યા છે. જેમાં ડાબેરી

મોરચો પશ્ચિમ બંગાળ એક આદર્શ ઉદાહરણ ગણાવી શકાય. ઈ.સ.૨૦૦૦ પછીની બાજપેઈની એન.ડી.એ. સરકાર અને યુ.પી.એ.ની પ્રથમ અને બીજી ટર્મની સરકારો મતભેદો નિવારીને કામ ચલાવી શકી છે.[૩]

અનુભવે જણાયું છે કે સંયુકત સરકારો જોડાણના રાજકારણનું પરિણામ હોય છે અને વિભિન્ન રાજકીય પક્ષો કે મેળાપના રાજકારણને ચૂંટણી પર્વ કે પછી અપનાવી શકે છે. ચૂંટણી પૂર્વે જે ગઠબંધનો કે જોડાણો બને છે એમનામાં અવસરવાદિતાનું તત્વ પ્રમાણ ઓછું જોવા મળે છે. આ ઉપરાંત એમનામાં સાથે સાથે કામ કરવાનો પાયો પણ નંખાય છે. ચૂંટણી બાદ કે ચૂંટણીના પરિણામે ઉદ્ભવેલી પરિસ્થિતિનો સામનો કરવા માટે જ ગઠબંધન બનાવાય છે. તેમનામાં અવસરવાદિતાનું પ્રમાણ વધુ જોવા મળે છે. આ બધા જ પરિબળો ગઠબંધનના જોડાણને નબળું બનાવે છે.

- *ગઠબંધન સરકારના લક્ષણો :–*

- આ સરકારમાં ઓછામાં ઓછા બે રાજકીય પક્ષો ભાગીદાર હોય છે અને ભાગીદારોની સંખ્યા તેથી વધારે અનેક પક્ષોની હોઈ શકે છે.
- આવી ગઠબંધન સરકારો ચોકકસ ઘ્યેય માટે જોડાણ કરતી હોય તેવું બતાવવામાં આવે છે.
- ગઠબંધન એક અસ્થાયી વ્યવસ્થા છે એટલે સામાન્ય રીતે એવું જોવા મળ્યું છે કે ગઠબંધનનો પ્રત્યેક ભાગીદાર પોતાની રીતે રાજકીય શકિતમાં વૃદ્ધિ કરી એકલો જાતે સત્તા પ્રાપ્ત કરવાની સ્થિતિમાં ન હોય ત્યાં સુધી જ આ વ્યવસ્થા રહે છે.
- આવી સરકારો સરકારો સમજૂતીના પાયા પર રચાય છે. તેઓ એવા ન્યૂનતમ કાર્યક્રમોનાં આધાર ઉપર કાર્ય કરે છે જેને સત્તામાં ભાગીદાર દળ પોતાની વિચારધારાની દ્રષ્ટિએ આદર્શ માનીને નહિ પરંતુ સમજૂતીની દ્રષ્ટિએ અપનાવે છે. આ દ્રષ્ટિએ સંયુકત સરકારો યથાર્થવાદ ઉપર આધારિત હોય છે.
- આ સરકારોની વિભાવના તથા વ્યવસ્થાપનની એક મૂળભૂત વિકાસશીલતા હોય છે. આ સિવાય સહમિલનના રાજકારણમાં એક રાજકીય દળ આજે જે દળનો પ્રબળ રાજકીય વિરોધ કરી રહ્યુ છે તેને કારણે તેને પોતાના સહયોગી માને છે.[૪]

- *ગઠબંધનના પ્રકારો :–*

(૧) *એક મુખ્ય દળવાળું ગઠબંધન* :–આમાં એક મુખ્ય રાજકીય દળ સાથે એક કે તેથી વધુ નાનાં રાજકીય પક્ષો જોડાયેલા હોય છે. આ નાના રાજકીય પક્ષો સરકારના જીવન તથા કાર્યકારણને પ્રભાવીત તો કરે છે. પરંતુ નિયંત્રિત નથી કરી શકતા. સામાન્ય રીતે આ નાના દળો સરકારમાંથી છૂટા થઈ જાય તો પણ સરકાર જળવાઈ રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો આ નમૂનો એકદળીય સરકારની જેમ જ આચરણ કરે છે. ખાસ કરીને આવી પરિસ્થિતિ ત્યારે આવે છે જયારે સંયુકત સરકારનું નેતૃત્વ કોઈ શકિતશાળી રાજકીય વ્યકિત દ્વારા કરવામાં આવતું હોય ૧૯૯૧–૨૦૦૦ ના વર્ષોમાં જયોતી બસુના નેતૃત્વમાં પશ્ચિમ બંગાળની સંયુકત સરકાર આ નમૂનાનું ઉદાહરણ છે.

(૨) *સમાન શકિતશાળી પરસ્પર વિરોધી બે ગઠબંધનો* :– આ ગઠબંધનો સામાન્ય રીતે ચૂંટણી પૂર્વે જ બની જાય છે અને રાજયનું રાજકારણ આ બે ગઠબંધન કે જોડાણમાં વહેચાઈ જાય છે. હાલ

કેન્દ્રના રાજકારણમાં એટલે કે રાષ્ટ્રીય સ્તરે (૧) એન.ડી.એ.–નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ કે જેનું નેતૃત્વ ભા.જ.પા.કરે છે અને (૨) યુ.પી.એ.–યુનાઈટેડ પ્રોગ્રેસીવ એલાયન્સ કે જેનું નેતૃત્વ કૉંગ્રેસ કરે છે તે આ મોડલના સ્પષ્ટ ઉદાહરણો છે. એક દ્રષ્ટિએ જોવા જઈએ તો આ બે ગઠબંધનોની આ સ્થિતિ દ્વિ–પક્ષીય વ્યવસ્થાની જેમ જ કાર્ય કરે છે.[૫]

(૩) *નકારાત્મક આધાર ઉપર રચાયેલાં અનેક રાજકીય દળોનું ગઠબંધન* :–આ અનેક રાજકીય પક્ષોનું એવું ગઠબંધન હોય છે જેમાં ભાગીદાર દળ કોઈ અન્ય રાજકીય દળને પોતાનો શકિતશાળી શત્રુ માને છે તથા તેને સત્તાથી દૂર રાખવા માટે ગઠબંધનના રાજકારણને અપનાવે છે. આ મોડેલ કે નમૂનામાં સામાન્ય રીતે મિશ્ર સરકારના ભાગીદાર દળોની વચ્ચે સમાન રાજકીય વિચારધારાનું તત્વ હોતું નથી. જેમ કે અગિયારમી લોકસભામાં ચૂંટણી બાદ ભાજપના વિરોધના આધારે ગઠબંધન બન્યુ જેમાં એચ.ડી.દેવગોવડા અને પછી આઈ.કે.ગુજરાલને વડાપ્રધાન બનાવવામાં આવ્યા, અંતે એક ચોકકસ રાષ્ટ્રીય રાજકીય પક્ષને માત્ર સત્તામાં ન આવવા દેવાના હેતુથી રચાયેલું આ ગઠબંધન ધ્વસ્ત થઈ ગયું.

(૪) *રાષ્ટ્રીય સરકાર : રાષ્ટ્રીય સરકારનું ગઠબંધન* :– સામાન્ય રીતે રાષ્ટ્રીય સરકારની રચના યુદ્ધ કે બાહ્ય આક્રમણ કે કોઈ ગંભીર રાજકીય પડકાર કે આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમનો સામનો કરવા માટે કરાય છે. આ રાષ્ટ્રીય સરકારમાં દેશના બધા જ મુખ્ય રાજકીય પક્ષો જોડાય છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટનમાં આવી રાષ્ટ્રીય સરકાર રચાઈ હતી. ભારતમાં રાષ્ટ્રીય સરકારની રચનાની વાત અમુક પરિસ્થિતિઓમાં જેવી કે ઈ.સ.૧૯૭૯માં જનતા પક્ષની સરકારને સ્થાને રાષ્ટ્રીય સરકાર રચવાની તથા ઈ.સ.૧૯૯૬ તથા ૧૯૯૭ના સમયની રાજકીય અસ્થિરતાનો અંત લાવવા માટે રાષ્ટ્રીય સરકાર રચવાની બાબતમાં ગંભીર ચર્ચાઓ થઈ હતી. પરંતુ આ દિશામાં આજદિન સુધી આપણા દેશમાં કયારેય રાષ્ટ્રીયા સરકાર રચાઈ નથી કે તેવુ ગઠબંધન પણ બની શકયું નથી. પરંતુ આવનારો સમય નકકી કરશે કે આ દિશામાં પણ વિકલ્પ ખુલ્લો જ છે.

ભારતના બંધારણીય ઈતિહાસમાં એક દળની સરકાર એક સામાન્ય સ્થિતિના રૂપમાં અને સંયુકત સરકારો અપવાદ સ્વરૂપે જ રહી છે. પરંતુ હવે પરિસ્થિતિઓ બદલાઈ છે. હવે કેન્દ્રિય સ્તર ઉપર અને મોટાભાગના રાજયોના સ્તર ઉપર સંયુકત સરકારો એક સામાન્ય સ્થિતિ બની ગઈ છે. એક સમયે કૉંગ્રેસની જે પ્રભાવી સ્થિતિ હતી તે હવે સમાપ્ત થઈ ગઈ છે. કોઈપણ એક રાજકીય પક્ષને રાષ્ટ્રીય સ્તરે અને મોટા રાજયોમાં તો રાજય સ્તરે પણ હવે સ્પષ્ટ બહુમતિ મેળવવી અઘરી બની ગઈ છે. પછી તે ઉત્તર પ્રદેશ હોય કે મહારષ્ટ્ર, આંધ્રપ્રદેશ હોય કે તમિલનાડું બધે જ ગઠબંધનો અનિવાર્ય બનો ગયા છે. કૉંગ્રેસના પતનથી ઉત્પન્ન થયેલા શુન્યાવકાસને બીજા કોઈપણ દળો ભરી શકયા નથી. એવુ રાજકીય અનુમાન લગાવવામાં આવે છે કે આવનારા વર્ષોમાં પણ ભારતમાં કેન્દ્રીય સ્તર ઉપર અને ભારતીય સંઘના લગભગ અડધા રાજયોમાં તો માત્ર સંયુકત સરકારો જ સ્થપાશે.[૬]

ભારતમાં સંયુકત સરકારોનું અધ્યયન બે સ્તરો ઉપર કરી શકાય છે :

(૧) રાજયોનાં સ્તર ઉપર સંયુકત સરકારો

(૨) કેન્દ્રનાં સ્તર ઉપર સંયુકત સરકારો

(૧) રાજયોના સ્તર ઉપર સંયુકત સરકારો :–રાજય સ્તર ઉપર સંયુકત સરકારોનું ગઠબંઘન પ્રથમવાર ૧૯૬૭ થી ૧૯૭૦ ના વર્ષોમાં અને બીજી વખતે ૧૯૭૭ થી ૧૯૭૯ના વર્ષોમાં થયું આ સરકારોના ગઠબંઘનો તથા કાર્યકરણની પરિસ્થિતિઓ પણ અલગ–અલગ રહી છે પરંતુ મિશ્ર સરકારોની અમુક વાતો લગભગ એક જેવી છે આ સરકારોના સામાન્ય લક્ષણો અને હેતુઓનું રાજકીય વ્યવસ્થા પરના પ્રભાવનું સંક્ષિપ્ત અઘ્યયન નીચે મુજબ છે.[૭]

(એ) બિન–કૉંગ્રેસવાદ :– નકારાત્મક આઘાર ઉપર આઘારિત સરકારો ઈ.સ.૧૯૬૭ થી ૧૯૭૦ અને ૧૯૭૭ થી ૧૯૭૯માં કેન્દ્ર અને રાજય સ્તરો ઉપર સંયુકત સરકારોનું ગઠન એક નિશ્ચિત પરંતુ નકારાત્મક આઘાર ઉપર થયું અને તે આઘાર રહ્યો છે. બિન કૉંગ્રેસવાદ અર્થાત કૉંગ્રેસ દળને રાજકીય સત્તાથી દૂર રાખવો. આ નકારાત્મક આઘાર ઉપર રચાયેલી સરકારો જ એક મોટી નબળાઈ હતી.

(બી) સરકાર કે ભાગીદારોમાં વૈચારિક એકતાનો અભાવ :– આ સમયની મિશ્ર સરકારના ભાગીદારોમાં વૈચારિક એકતાનો અભાવ જોવા મળતો હતો.આમાં ડાબેરી જમણેરી તથા મઘ્યમમાર્ગી બઘા સંમિલિત હતા.આ સરકારો વિચારઘારા અને કાર્યક્રમોની એકતાના અભાવમાં અવસરવાદી ગઠબંઘનના રૂપમાં હતી.

(સી) મંત્રીમંડળ તથા મુખ્યમંત્રીની પ્રતિષ્ઠામાં ઘોવાણ :– સંસદીય વ્યવસ્થામાં મંત્રીમંડળ શાસનનું સર્વોચ્ચ એકમ અને મુખ્યમંત્રી શાસનના નેતા હોય છે. પરંતુ અમુક વખતે સંયુકત સરકારોમાં મંત્રીમંડળ તથા મુખ્યમંત્રી ઉપર બંનેને આઘાત પહોંચાડે તેવી સ્થિતિઓ નિર્મિત થતી. આવી સરકારો વાળા મોટાભાગના રાજયોમાં સમન્વય સમિતિની વ્યવસ્થા કરાઈ હતી અને આ સમિતિ 'સુપર કેબિનેટ'ની જેમ મુખ્યમંત્રી તથા મંત્રીમંડળને આદેશ આપતી હતી. આ સ્થિતિના પરિણામે મંત્રીમંડળ અને મુખ્યમંત્રી અશકત થઈ ગયા અને વહીવટને પ્રભાવશાળી નેતૃત્વ આપી શકયા નહિ. વર્તમાન કેન્દ્ર સરકાર ઉપર પણ મુખ્ય વિરોઘ પક્ષ હાલમાં આવી જ પરિસ્થિતિ હોવાનું અનેકવાર જણાવી ચૂકયો છે અને વર્તમાન પ્રઘાનમંત્રી સાવ નિર્બળ પ્રઘાન મંત્રી છે તેવી ટીકા થઈ રહી છે.

(ડી) રાજકીય દલ–બદલને પ્રોત્સાહન :– ૧૯૬૭–૧૯૭૦ના સમયમા મોટાભાગની મિશ્ર સરકારોને રાજકીય દલ–બદલના પરિણામે જન્મ મળ્યો હતો અને એકવાર સરકાર બની જવા છતાં રાજકીય દલ–બદલની સ્થિતિ જળવાઈ રહી હતી. સંયુકત સરકારો વાળા લગભગ બઘા રાજયોમાં ''આયારામ ગયારામની પ્રવૃત્તિઓ'' જળવાઈ રહી અને આ પ્રવૃત્તિઓ જ સરકારોની અસફળતા અને અંતનું કારણ બની.

(ઈ) સંસદીય સિદ્ઘાંતોને પ્રતિકુળ આચરણ :– સંસદીય વ્યવસ્થામાં મંત્રીમંડળ પાસેથી સામુહિક જવાબદારીના સિદ્ઘાંતના આઘારે કાર્ય કરવાની આશા રખાય છે, પરંતુ મંત્રી મંડળોએ કયારેય આ સિદ્ઘાંતને પાળ્યો નથી.મંત્રીઓએ માત્ર જાહેરમાં જ પોતાના વિચાર ભેદ વ્યકત કર્યો નથી. પરંતુ તેમના દ્વારા એકબીજાની આલોચના પણ સામાન્ય વાત બની ગઈ છે. અમુક રાજયોમાં તો મંત્રીઓએ ઘોર બિનજવાબદાર આચરણનો પરિચય આપ્યો હતો. જેમ કે તેઓ સરકારમાં હતા

અને સરકાર વિરુદ્ધ આંદોલનોમાં કુદી પડયા હતા. આ સરકારોની રચના અને કામકાજમાં સંસદીય વ્યવસ્થા સિદ્ધાંતોનુ ઘોર અપમાન થયું હતું.

(એફ)ભાગીદાર દળો વચ્ચે મતભેદ અને તણાવ :– આ મિશ્ર સરકારોનો ભાગીદાર પક્ષ પોતાના અંગત સ્વાર્થોના રક્ષણમાં જ લાગેલા હતા. ઉપરાંત પ્રત્યેકની દ્રષ્ટિ આવનારી ચૂંટણીઓ ઉપર લાગેલી રહેલી. દ્રાના પરિણામે ભાગીદાર દળોની વચ્ચે હંમેશાં મતભેદ અને તણાવની સ્થિતિ જોવા મળી જે છેલ્લે આ સરકારોના અંતનું કારણ બની.

(૨) કેન્દ્રમાં સંયુકત સરકારો :– અત્યાર સુધી કેન્દ્રીય સ્તર પર ૧૦ થી વધુ મિશ્ર સરકારો રચાઈ ગઈ છે. અમુક વાતો એવી છે જે આ બધી સરકારોના સંબંધમાં અથવા આમાંની મોટાભાગની મિશ્ર સરકારોના સંબંધમાં કહી શકાય છે.

પ્રથમ ૧૯૭૭માં રચાયેલ જનતાપક્ષની સરકારને સ્પષ્ટ અને સંપૂર્ણ અર્થમાં જનાદેશ હતો. ૧૯૯૯માં રચાયેલી એન.ડી.એ.ની ગઠબંધન સરકારને પણ પૂર્ણ જનાદેશ પ્રાપ્ત હતો. પરંતુ અન્ય ૬ ગઠબંધન સરકારો રચાઈ એમાંથી કોઈપણ સરકારને પૂર્ણ જનાદેશ પ્રાપ્ત થયેલ ન હતો.[૮]

આ સરકારો જનાદેશ નહિ પરંતુ રાજનિતિક પરિસ્થિતિઓ અને રાજકીય વિવશતાઓનું પરિણામ રહી છે. આ વાતો સરકારોની યોગ્યતા અને ઔચિત્યને આઘાત પહોંચાડે છે. લોકતંત્રમાં જનાદેશ વગર શાસન એક વિડંબના છે. બીજું એ કે આ બધી સરકારો પોતાના કામકાજમાં દિશાહીન જ રહી જનતાને આમાંની પ્રત્યેક સરકાર પાસેથી નિરાશા જ હાથ લાગી. આ મિશ્ર સરકારોએ સામાન્ય જનતાના મનોબળને આઘાત જ પહોંચાડયો છે.

ત્રીજુ આ સંયુકત સરકારોમાં સત્તા–સંઘર્ષ એને સત્તા સાથે સંકળાયેલા પ્રમુખ વ્યકિતઓ વચ્ચે અમર્યાદિત સંઘર્ષની સ્થિતિ જોવા મળી છે. કયારેક કયારેક તો સત્તામાં ભાગીદાર દળો દ્વારા એકબીજા ઉપર કીચડ ઉછાળવાની પ્રવૃત્તિઓ પણ જોવા મળી. આ વાતોએ માત્ર મંત્રીમંડળ અને પ્રધાન મંત્રી જ નહિ પરંતુ જનતાની વચ્ચે પણ આખી રાજકીય વ્યવસ્થાની પ્રતિષ્ઠાને ભારે આઘાત પહોંચાડવાનું કાર્ય કર્યુ હતું.

ચોથું એ કે કેન્દ્રમાં મિશ્ર સરકારોનો કાર્યકાળ ૧૩ દિવસથી માંડી ૬ વર્ષ સુધીનો રહ્યો છે અને હવે તો આઠ વર્ષ સુધીનો થવા આવ્યો છે, પરંતુ ચિંતાનો વિષય એ છે કે આમાંની અમુક અપવાદ રૂપ મિશ્ર સરકારો છોડી મોટાભાગની સરકારોના પદગ્રહણની સાથે જ એ પ્રશ્ન ઊભો થઈ ગયો કે 'આ સરકાર કયાં સુધી ટકી શકશે?' કેન્દ્રમાં આ મિશ્ર સરકારોએ રાજકીય અસ્થિરતાને પણ જન્મ આપ્યો છે. આપણે એ વાત સ્વિકારવી જ રહી કે ભારત જેવા વિકાસશીલ દેશ માટે રાજકીય સ્થિરતા વગર વિકાસ સાધવો ખુબ જ મુશ્કેલ છે.

પાંચમુ એ કે ભારતમાં રાજકીય પક્ષોના એક વર્ગ દ્વારા અનેક વખત એવું કહેવામાં આવે છે કે એક દળની પ્રધાનતા અને કેન્દ્રમાં એક દળની સરકારે શકિતઓના કેન્દ્રીકરણને જન્મ આપ્યો છે. તેમજ સંયુકત સરકારો વિકેન્દ્રીકરણના માર્ગને મોકળો કરશે અને સ્વસ્થ સહયોગી સંઘવાદને જન્મ આપશે. પરંતુ વ્યવહારમા આ મિશ્ર સરકારો આવી પરિસ્થિતિને જન્મ આપી શકી નહી. વાસ્તવમાં તો આ સરકારોએ કેન્દ્ર સરકારની સ્થિતિને નબળી પાડી છે. કેન્દ્ર–રાજય સંબંધો અને રાજયો–રાજયો વચ્ચેના

સંબંધોમાં મતભેદ તથા તણાવના નવા કારણોને જન્મ આપ્યો અને વિઘટનકારી તત્વોને પ્રોત્સાહિત કર્યા છે.[૯]

અંતે આજે ભારતીય રાજકારણમાં એક રાજકીય શૂન્યતાની સ્થિતિ પેદા થઈ છે. કોઈપણ રાજકીય પક્ષ આજે સાચા અર્થમાં એક રાજકીય દળ રહ્યું નથી. કેન્દ્રીય સ્તર ઉપર મિશ્ર સરકારો આ રાજકીય મજબ્રીઓનું પરિણામ છે.

(સી) ગઠબંધન સરકારો અંગે તારણો :–

ઉપરોક્ત અભ્યાસને અંતે મને જે યોગ્ય લાગ્યુ છે તેવા કેટલાક મારા તારણો આ મુજબના છે :

રાજય સ્તર ઉપર મિશ્ર કે સંયુક્ત સરકારોનો પ્રયોગ આજથી ચાર દાયકા પહેલા અપનાવાયો હતો. જો કે તે સમયે આ પ્રયોગ સફળ રહ્યો હતો. પરંતુ સમય જતાં રાજકીય દળો રાજકીય યથાર્થતાને વધારે યોગ્ય રૂપમાં સમજયા અને રાજય સ્તર ઉપર મિશ્ર સરકારોને સુધારેલ રૂપમાં અપનાવી છે.

- તારણો :–
  1. કેન્દ્રિય સ્તર ઉપર સરકારો નિરાશા સિવાય બીજુ કશું આપી શકતી નથી.
  2. આ સરકારોનું આપણે અસફળ સરકારો પણ કહી શકીએ તેમ નથી. કેમકે તેમને અસફળ કહેવાથી અ અધ્યયન પુરુ થઈ જતું નથી. પરંતુ બહુદળીય વ્યવસ્થા આપણી સમક્ષ હાજર જ છે.
  3. ત્રીજી મહત્વની વાત એ છે કે મિશ્ર સરકારોની બહુદળીય વ્યવસ્થાથી હાલમાં એક દળની પ્રધાનતા કે પ્રભાવ સમાપ્ત થઈ ગયો છે અને સાચા અને સંપૂર્ણ અર્થમાં કોઈ પણ રાજકીય પક્ષ આજે અખિલ ભારતીય રહ્યો નથી.
  4. બહુપક્ષીયી વ્યવસ્થાને લીધે ત્રિશંકુ લોકસભા,ત્રિશંકુ વિધાનસભાઓ અને ખંડિત જનાદેશની મહામારીએ/શાસન વ્યવસ્થાને ભરડામાં લઈ લીધી છે.
  5. ઉપરોક્ત પરિસ્થિતિઓમાં સંસદીય વ્યવસ્થા અંતર્ગત આપણી પાસે કેન્દ્રીય સ્તર ઉપર મિશ્ર સરકારોનો શો વિકલ્પ છે? તેની તપાસ કરવાની તાતી જરૂરીયાત છે.
  6. આ મિશ્ર સરકારોની પરિધિમાંજ આપણે ભવિષ્ય માટે માર્ગશોધવો પડશે.
  7. આપણે એ પણ વિચાર કરવો પડશે કે કેન્દ્રીય સ્તર ઉપર મિશ્ર સરકારોની રચના અને કામકાજનું સ્વરૂપ શું હોય છે તથા મિશ્ર સરકારના પ્રસંગમાં આ નકકી કરેલ સ્થિતિને કઈ રીતે પ્રાપ્ત કરી શકાય છે?
- ભલામણો(સૂચનો) :–

  ઉપરોક્ત મિશ્ર કે ગઠબંધન સરકારોના સંક્ષિપ્ત અભ્યાસને અંતે નીચે મુજબની ભલામણો સૂચવી શકાય.

  (૧) મિશ્ર સરકારોનું નેતૃત્વ પ્રભાવશાળી રાજકારણી દ્વારા થવું જોઈએ.
  (૨) બહારથી ટેકો આપનાર રાજકીય પક્ષોને પણ સરકારમાં જોડાવવા બાધ્ય કરવા જોઈએ.
  (૩) સિદ્ધાંતવાદિતાને ત્યાગી સમજૂતીનો માર્ગ મોકળો કરવો જોઈએ.
  (૪) સમન્વય સમિતિ જેવા સાધનોની રચના કરવી જોઈએ.

(૫) મિશ્ર સરકારની રચના અને કાર્યકરણની સમસ્ત પ્રક્રિયા ઉપર વિચારણા થવી જોઈએ.

- સંદર્ભસૂચી :–


(૧) ડૉ.જયંતિ પટેલ,''આધુનિક રાજકિય વિચારધારાઓ''પૃ.–૧૪

(૨) પ્રા.શુકલ અને પ્રા.અમિન,''ભારતીય રાજકારણની રૂપરેખ''પૃ.–૨૩

(૩) પ્રા.ડી.એન.પાઠક,''ચોથી ચૂંટણી ભારતમાં અને ગુજરાતમાં''પૃ.૭૦

(૪) પ્રા.બી.સી.શાહ,''ભારતમાં પંચાયતી રાજ''પૃ.–૫૬

(૫) પ્રા.જે.એન.પંડયા,''ગુજરાતમાં પંચાયતીરાજ'' પૃ.–૨૧

(૬) ડૉ.મનહર બક્ષીનો લેખ,''લોકશાહી વિકેન્દ્રીકરણની અવદશા''પૃ.–૭

(૭) હિતેન્દ્ર દેસાઈ,''કૉંગ્રેસ પત્રિકા–અંક–૧'',પૃ.–૯

(૮) ટાઈમ્સ ઓફ ઈંડિયા,દૈનિક–૧૫,મે,૧૯૯૮

(૯) સંદેશ દૈનિક,તા.૩૦/૦૧/૨૦૦૨